# 24

**અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં આઉટસોર્સિંગથી ભરતી**

***15/4/926: શ્રી અમિત ચાવડા** (આંકલાવ)**: માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના તાબા હેઠળના નિગમોમાં કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી કરવામાં આવી, | (૨) | વર્ષ ૨૦૨૨માં કુલ–૬૦૧ તેમજ વર્ષ ૨૦૨૩માં કુલ–૫૬૭ માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી મેળવવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ નિગમવાર કેટલા કર્મચારીઓ આઉટસોર્સિંગ/કોન્ટ્રાક્ટથી ફરજ બજાવે છે, અને | (૩) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ ખાતે કુલ–૫૬૭ માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી મેળવવામાં આવેલ છે. |
| (૪) | કોન્ટ્રાક્ટ/આઉટસોર્સિંગથી ભરતી કરવાના કારણો શા છે? | (૪) | ૧. “રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા” (NFSA) હેઠળ સમાવિષ્ટ રાજ્યના ૭૨ લાખ કુટુંબોની ૩.૫૦ કરોડ જન સંખ્યાને જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત રાહતદરના અનાજ તથા આવશ્યક ચીજવસ્તુના વિતરણ ઉપરાંત ‘પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના’ અંતર્ગત જાન્યુઆરી–૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૨ સુધી લાભાર્થીઓને વિનામુલ્યે અનાજ વિતરણની કામગીરીને પંહોચી વળવા માટે માનવબળની જરુરીયાત હોવાથી,<br><br>૨. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., ની મુળ કામગીરીમાં ઉત્તરોત્તર થયેલ વધારા સામે નિગમના મંજુર થયેલ ૧૪૩૧ ના મહેકમ સામે વર્ષ ૨૦૨૨ માં ફક્ત ૪૫૯ નું માનવબળ તેમજ વર્ષ ૨૦૨૩માં ફક્ત ૩૭૬ નું માનવબળ (વર્ગ–૪ સિવાય) કાર્યરત હોવાથી સરકારશ્રી દ્વારા સોંપાયેલ વિવિધ કામગીરીને પંહોચી વળવા સામે હયાત માનવબળ ખુબ જ ઓછું હોવાથી,<br><br>ગુ.રા.ના.પુ.નિ.લી.ની વર્ગ–૩ સંવર્ગની સીધીભરતી પાત્ર ખાલી જગ્યાઓ પૈકી આસીસ્ટંટ/આસીસ્ટંટ ડેપો મેનેજર સંવર્ગની કુલ–૩૭૨ અને ડેપો મેનેજર સંવર્ગની કુલ–૨૬ જગ્યાઓ ભરવા જાહેરાત ક્રમાંક: ૨૧૨/૨૦૨૩૨૪; તા.૦૩/૦૧/૨૦૨૪થી ગૌણ સેવા પસંદગી મારફત કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |